# આંક– પ ની અરજી લગત હુકમ

(૧) અરજી વંચાણે લીધી, આ કામના વાદીઓ હાલની અરજીથી આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના વારસો, માણસો, નોકરો, એજન્ટો વગેરે દાવાવાળી મિલ્કત નો કબ્જો કે તે પૈકી કોઈ પણ ભાગને ત્રાહીત શખ્સ કે સંસ્થા ને કોઈ પણ રીતે ટ્રાન્સફર,એસાઈન કરે કરાવે નહી તથા કોઈ પણ પ્રકારે નોડફોડ કે નુકશાન કરે કરાવે નહી તે બાબતના વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામની ટુંકી વિગત એવી છે કે આ કામે વાદીઓએ દાવા અરજીમાં દાવાવાળી મિલ્ક ત મોજે ભાન્ડુ ગામનીસીમના જુના સર્વે નંબર ૧૮૯૦ પૈકી ૨ વાળા ખેતરમાં જવા આવવાનો તેમજ હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રેઈલર વિગેરે ખેતીના સાધનો લઈ જવા લાવવાનો પરાપૂર્વનો રસ્તો ભાન્ડુ ગામની સીમના પ્રતિવાદીઓની માલિકીના જુના સ.નં. ૧૮૯૦/૧બ વાળા ખેતરના પૂર્વ–દક્ષિણ ખુણે થઈ દક્ષિણ શેઢે આગળ પશ્ચિમ તરફ થઈને કાયદેસરનો રસ્તો આવેલો છે તે રસ્તા ઉપર પ્રતિવાદીઓ અગર તેમના માણસો એજન્ટો, નોકરો, પ્રતિવાદીઓ તેમના ખેતરના દક્ષિણ – પૂર્વ ખુણા ઉપર કોઈ વરંડાની દિવાલનું બાંધકામ કરે–કરાવે નહિ અને રસ્તો કાયમ માટે ખુલ્લો રાખે તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ અને અમો વાદીઓના લાભમાં કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓને આપો તથા તેમજ સદરહુ દાવાવાળા રસ્તે થઈને અમો વાદીઓને જતાં આવતાં તેમજ હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રેઈલર વિગેરે ખેતીનાં સાધનો વિગેરે લઈ જતાં લાવતાં પ્રતિવાદીઓ અગર તેમના માણસો, એજન્ટો, નોકરો કોઈ અડચણ, અંતરાય, રૂકાવટ કરે કરાવે નહિ કે દાવાવાળા રસ્તામાં કોઈ વરંડાની દિવાલનું બાંધકામ પ્રતિવાદીઓ કરે–કરાવે નહિ તેમજ કાયમી માટે અમો વાદીઓનો રસ્તો ખુલ્લો રાખે તેવો પ્રતિવાદીઓને કામચલાઉ મનાઈ હુકમ સદરહું દાવાવાળી મીલકત કોઈને વેચાણ કરે કરાવે નહી કે કોઈ લોન કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો અ મો વાદીની તરફેણમાં અને પ્ર.વાદીઓ વિરૂધ્ધ તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવા આખરી નિકાલ સુધી પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

| અનુ.નં | માર્ક | વિગત |
|---|---|---|
| ૧ | માર્ક–૪/૧ | વાદીઓના મોજે ભાન્ડુની સીમાન જુના સ.નં. ૧૮૯૦ પૈકી ૨ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૨ | માર્ક–૪/૨ | પ્રતિવાદીઓની મોજે ભાન્ડુની સીમના જુના સ.નં. ૧ ૮૯૦/૧ બ ના ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૩ | માર્ક–૪/૩ | વાદીઓ તથા પ્રતિવાદીના જુના નં. ૧૮૯૦ પૈકી ૨ તથા |

| | | |
|---|---|---|
| | | જુના સ. નં. ૧૮૯૦/૧ બ વાળા ખેતરો તથા આજુબાજુના ખેતરો તથા આજુબાજુના ખેતરોના નકશાનું ટ્રેસીંગ |
| ૪ | માર્ક–૪/૪ | વાદીઓ તથા પ્રતિવાદીઓના ખેતરોના રી–સર્વે થયા બાદ બનેલ નકશાની ઝેરોક્ષ |
| ૫ | માર્ક–૪/૫ | અમો વાદીનાં જુના સ.નં. ૧૮૯૦– પૈકી ૧, ૨ નાં ખેતરના ફોટા |
| ૬ | માર્ક–૪/૬ | અમો વાદીનાં જુના સ.નં. ૧૮૯૦– પૈકી ૧, ૨ નાં ખેતરના ફોટા |
| ૭ | માર્ક–૪/૭ | અમો વાદીનાં જુના સ.નં. ૧૮૯૦– પૈકી ૧, ૨ નાં ખેતરના ફોટા |
| ૮ | માર્ક–૪/૮ | અમો વાદીનાં જુના સ.નં. ૧૮૯૦– પૈકી ૧, ૨ નાં ખેતરના ફોટા |
| ૯ | માર્ક– ૪૦/૧ | વાદીઓનાં જુના સર્વે નં. તથા નવા સર્વે નં. સાથેનાં હાલનો રસ્તાનો નકશો. |

(૪) આ કામે વાદીઓએ પ્રતિવાદીના દાવા તથા કાયમી મનાઈહુકમ ની અરજ સામે વાદીઓએ પોતાના બચાવમાં અને પ્રતિવાદીઓની કામચલાઉ મનાઈ અરજી ની લેખીત દલીલો આંક – ૩૦ થી રજુ કરીને મનાઈ અરજી નામંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૫) પ્રતિવાદીએ વાદીની આંક ૫ ની હાલની મનાઈ અરજીનો જવાબ **આંક– ૧૭** થી રજુ કરેલ જેમાં જણાવેલ છે કે, વાદીની મનાઈ હુકમની અરજીના પેરા નં. ૫ ની હકીકત જેવી કે તે તમામ હકીકતો જોતાં વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી. વાદીઓની ગામમાં જવાનો રસ્તો વાદીઓના ખેતરથી પશ્ચિમ તરફ હોઈ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો પ્રતિવાદીઓની તરફેણમાં છે. હાલમાં અમો પ્રતિવાદીઓએ અમારા વરંડાનું બાંધકામ પુર્ણ કરી દીધેલ છે. અને હાલના વાદીઓ માથાભારે માણસો હોઈ તે વરંડાને તોડી નાખી નુકશાન પહોચાડે તેમ છે અને તેવુ ન કરે તે સારૂ સદર દાવાના કામે અમો પ્રતિવાદીઓએ વાદીઓ વિરૂધ્ધ મનાઈ હુકમની અરજી અલગથી આપીએ છીએ. વાદીની મનાઈ હુકમની અરજીના પેરા નં. ૬ ની હકીકત જેવી કે "વળી અમારી માંગણી મુજબ પ્રતિવાદીઓને કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો દાવાવાળા રસ્તા સિવાય અન્ય કોઈ રસ્તો આવેલો ન હોઈ અમારા ખેતરમાં વાવેતર કરે પાક લઈ શકીએ નહી જેથી અમો વાદીઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું મોટું નુકશાન થવાનો પુરેપુરો સંભવ છે. તેથી પણ પ્રતિવાદીઓને કામ ચલાઉ મનાઈ હુકમ આપવાપાત્ર છે. પ્રતિવદીઓને કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો તેમને કોઈપણ જાતનું નુકશાન થાય તેમ નથી તેથી

પણ પ્રતિવાદીઓને કામચલાઉ મનાઈ હુકમ આપવાપાત્ર છે" તે તમામ હકીકતોમાં વાદીઓ વર્ષોથી તેઓની જમીનમાંથી પશ્ચિમ તરફથી તેઓના ગામમાં આવતા જતા હોઈ વાદીઓને કોઈ નુકશાન પડે તેમ નથી. અને વાદીઓ મનાઈ હુકમની દાદ મેળવવા હક્કદાર નથી. વાદીઓની મનાઈ હુકમની અરજીના પેરા નં.૮ ની હકીકતોમાં ખોટી રીતે દાદની માંગણી કરેલ છે. અને અમો પ્રતિવાદીઓ વિરુધ્ધ મનાઈ હુકમની માંગણી કરેલ છે. જે નામંજુર થવાને પાત્ર છે. તથા વાદીઓએ અમો પ્રતિવાદીઓ વિરૂધ્ધ નામ. કોર્ટમાં દાવાવાળી રસ્તામાં કોઈ વરંડાની દિવાલનું બાંધકામ કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ માંગેલ છે. પરંતુ હકીકત જોતાં અમો પ્રતિવાદીઓએ અમારા ખેતરનું કમ્પાઉન્ડ વોલનું બાંધકામ પુર્ણ થઈ ગયેલ છે. આ કામે ખરી હકીકત જોતાં અમો પ્રતિવાદીઓને મોજે. ભાન્ડુ, તા.વિસનગર, જિ. મહેસાણાની સીમના રે.સ.નં. ૧૮૯૦/૧ બ વાળી ૦-૪૦-૪૩ હે.આરે.ચો.મી. તથા આકાર રૂ.૩.૫૦ વાળી જમીન તેના મુળ માલીક ચૌધરી માધાભાઈ નારાયણભાઈ વિ.૮ પાસેથી તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ રજી.દ.નં. ૩૪૭/૨૦૧૫ થી ખરીદેલ અને ત્યારથી તે જમીનના માલીક મુખત્યાર બનેલ છીએ. જે સર્વે નંબરની રેકર્ડ નોંધ નં. ૧૦૯૪૬ થી દાખલ થયેલ છીએ. ત્યારથી તે મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો પ્રતિવાદીઓનો છે. સદરહુ મિલક્ત ખરીદતા પહેલાં અમો પ્રતિવાદીઓએ તા.૧૦/૦૧/૨૦૧૫ ના રોજ સદરહુ મિલક્ત ખરીદવા બાબતે જાહેર નોટીસ સંદેશ દૈનિક સમાચાર પત્રમાં આપેલ અને તેમાં કોઈપણ વ્યક્તિના હક્ક કે અધિકાર હોય તો તેની જાણ કરવી તે બાબતે કોઈ હક્ક બાબતેના વાંધા મળેલ ન હોઈ સદરહું મિલક્તનો વેચાણ દસ્તાવેજ કરેલ છે. તે વેચાણ દસ્તાવેજમાં પણ વેચાણ આપનારાઓએ આ મિલકતમાંથી કોઈનો પણ હક્ક દાવો નથી તેવુ જણાવી દસ્તાવેજ કરેલ છે. અને દસ્તાવેજ કર્યા બાદ હાલના વાદીઓ કે અન્ય કોઈપણ ખેડુતનો રસ્તાનો હક્ક અધિકાર ન હોઈ અમો પ્રતિવાદીઓના ખેતરમાં આવેલ નથી. અને તે બાબતે કોઈપણ ખેડુતે દાવા દુવી કરેલ હોઈ તેવુ પણ બનેલ નથી. પરંતુ અમો પ્રતિવાદીઓ જ્યારે અમારા વરંડાનું કામકાજ શરૂ કરેલ હતુ ત્યારથી તેઓ અમારા કોન્ટ્રાકટર તેમજ અન્ય મજુરોને ખોટી ખોટી ધમકીઓ આપ્યા કરતા હતા. અમો પ્રતિવાદીઓની જમીન રે.સ.નં. ૧૯૯૦/૧ બ જેનો નવીન રે.સ.નં. ૪૧૧૨ નો થયેલ છે. અને તે પ્રમોલગેશન થતો સદરહું મિલક્તનું ક્ષેત્રફળ ૦-૪૦-૪૩ ને બદલે ૦-૩૭-૦૩ થયેલ છે. એટલે કે ત્રણ ગુંઠા જેટલું ઓછું થયેલ હોઈ તે બાબતની પણ કાર્યવાહી કરવાના છીએ. તથા હાલના વાદીઓ વિરૂધ્ધ અમો પ્રતિવાદીઓએ વિસનગર પોલીસ સ્ટેશનમાં વરંડાનું બાંધકામ કરતા હેરાન પરેશાન કરતા હતા તે બાબતે પોલીસ ફરીયાદ આપેલ છે. અને વરંડાનું બાંધકામ કરવા પોલીસ રક્ષણની માંગણી કરેલ છે. તથા સદરહું વરંડાનું બાંધકામ કરવા અટકાવે નહી તથા વરંડાનું થયેલ બાંધકામ તોડફોડ કરે નહી તે સારૂ મનાઈ હુકમની અલગથી અરજી આપેલ છે.

નામ. કોર્ટે દ્રારા સદરહું દાવા લગત પંચનામું થયેલ છે. તે પંચનામું જોતા પણ અમો પ્રતિવાદીઓની જમીનાન રે.સ.નં. ૧૮૯૦/૧ પૈકી બ વાળી જમીનમાં અમારા વરંડાનું કામકાજ ચાલુ છે અને પંચનામા પ્રમાણે ઉત્તરે ચૌધરી રાજેન્દ્રભાઈ લાવજીભાઈનું ખેતર આવેલ છે. દક્ષિણે ચૌધરી રણજીતભાઈ રામસંગભાઈનું ખેતર આવેલ છે. પુર્વે ચોકડીઓ મુકી મહેસાણા – ઉંઝા હાઈવે આવેલ છે. અને પશ્ચિમે ચૌધરી મુકેશભાઈ વેલજીભાઈનું ખેતર આવેલ છે. આમ અમો પ્રતિવાદીના ૧૮૯૦/૧

પૈકી બ વાળી જમીનની કોઈપણ દિશા વાદીઓની જમીનને લગોલગ નથી વળી રે.સ.નં. ૧૮૯૧ તથા અમો પ્રતિવાદીના રે.સ.નં. ૧૮૯૦/૧ પૈકી બ વાળી પુર્વ દિશામાં ચોકડીઓ આવેલ છે. અને તે મુકી મહેસાણા – ઉંઝા હાઈવે આવેલ છે. એટલે તે જગ્યાએ રસ્તો હોવાનો શક્ય નથી. તથા આ કામના વાદીઓ અને અન્ય ખેડુતોનું ગામ લક્ષ્મીપુરા (ભાન્ડુ) જે વાદીઓના ખેતરથી પશ્ચિમ દિશામાં આવેલ હોઈ તેઓનો રસ્તો તેઓની જમીનનો રસ્તો હોઈ શકે વાદીએ તેની દાવા અરજી સાથે નવીન રે.સ.નં. નો નક્શો રજુ કરેલ છે. તે જોતાં તેઓના નવીન રે.સ.નં. ૪૧૩૭ છે. અને અમો પ્રતિવાદીના નવો રે.સ.નં. ૪૧૧૨ નો હોઈ તે નક્શો જોતાં પણ બંને સર્વે નંબરો વચ્ચે ૪૧૧૩ આવેલ છે. એટલે તેઓનો રસ્તો છે જ નહી તેમ છતાં હાલના સંજોગોમાં ખેતીની જમીનોની કિંમતો વધી જતા જો હાઈવે તરફથી રસ્તો મળે તો તેઓની જમીનની કિંમત વધી જાય તે સારૂ વાદીઓએ હાલનો દાવો તથા મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે. જે મનાઈ હુકમની અરજી તથા દાવો ના મંજુર થવાને પાત્ર છે.

(૬) પ્રતિવાદી દ્વારા આંક– ૧૮થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

| અનુ.નં | માર્ક | **વિગત** |
|---|---|---|
| ૧ | માર્ક–૧૮/૧ | પ્રતિવાદીઓએ આપેલ પાવર ઓફ એટર્નીક |
| ૨ | માર્ક–૧૮/૨ | પ્રતિવાદીનો રે.સ.નં. ૧૮૯૦૧ ના વેચાણ દસ્તાવેજ નં. ૩૪૭/૨૦૧૫ ની નકલ |
| ૩ | માર્ક–૧૮/૩ | રે.સ.નં. ૧૮૯૦/૧ ના નમુના નં. ૭ , ૧૨, ૮, ૬ |
| ૪ | માર્ક–૧૮/૪ | રે.સ.નં. ૧૮૯૦ પૈકી ૧ ના નમુના નં. ૭ , ૮, |
| ૫ | માર્ક–૧૮/૫ | પ્રતિવાદીઓના આગળના સાહેબને જી. કલેકટરશ્રી આપેલ નોટીસ |
| ૬ | માર્ક–૧૮/૬ | ભાન્ડુ તા. વિસનગર સીમના ઉપરોકત ટ્રેગીંગ નકલ |
| ૭ | માર્ક–૧૮/૭ | પ્રતિવાદી એ આપેલ પ્રેસ નોટીસની નકલ |
| ૮ | માર્ક–૧૮/૮ | પ્રતિવાદીએ કરેલ કેવીયેટ અરજીની નકલ |
| ૯ | માર્ક–૧૮/૯ | પ્રતિવાદીએ પોલીસ બંદોબસ્ત માંગેલ તેની નકલ |
| ૧૦ | માર્ક–૧૮/૧૦ | સ્થળસ્થિતિના ફોટા |
| ૧૧ | માર્ક – ૨૩/૧ | સદર કામના પ્રતિવાદીઓએ આપેલ પાવર ઓફ એટર્ની ની નકલ |
| ૧૨ | માર્ક – ૨૩/૨ | સદર કામના પ્રતિવાદીએ કરેલ વેચાણ દ. નં. ૧ |

| | | |
|---|---|---|
| | | ૮૯૦/૨૦૧૯ ના વેચાણ લેખની નકલ |
| ૧૩ | માર્ક – ૨૩/૩ | સદર મીલકતમાં બનાવેલ કમ્પાઉન્ડ વોલની ફોટોગ્રાફ |

(૭) વાદીઓ તરફે દલીલો કરતા જણાવેલ છે કે પ્રતિવાદી વાદીઓના કબજા ભોગવટામાં કોઈ અંતરાય કે ડખલગીરી કરે કરાવે નહી કે અમારા ઉપયોગ અને ઉપભોગમાં અંતરાય થાય કે હકકો છીનવાઈ જાય તેવુ કૃત્ય કરે કરાવે નહી તેવો વચગાળાનો કામચલાઉ મનાઈ હુકમ નિ. ૫ ની અરજના આખરી હુકમ સુધી અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદી વિરૂધ્ધ આપવા અરજ કરેલ છે.

પ્રતિવાદી એ પોતાની આંક– ૩૩ થી લેખીત દલીલમાં જણાવેલ છે કે સદર કામના વાદીએ અમો પ્રતિવાદી વિરુધ્ધ આપ નામ. કોર્ટમાં અમો પ્રતિવાદીના રેવન્યુ સર્વે નં. ૧૮૯૦/૧ બ વાળા ખેતરના પુર્વ દક્ષિણ ખુણે થઈ દક્ષિણ શેઠે આગળ પશ્ચિમ તરફ આગળ કાયદેસરનો રસ્તો આવેલ છે. તેવી હકીકતો જણાવી અમો પ્રતિવાદી વિરૂધ્ધ તે મિલકતમાંથી જવા આવવા સારૂ દાવો દાખલ કરેલ છે. તે દાવાના કામે તેઓએ આંક ૫ થી કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે. અને અમો પ્રતિવાદીએ અમારી ઉપરોક્ત રેવન્યુ સર્વે નં. ૧૮૯૦/૧ બ જે નવા રેવન્યુ સર્વે નં. ૪૧૧૨ માં વરંડાનું કામકાજ પુર્ણ કરી દીધેલ છે. સદર મિલક્ત પટેલ રાજેન્દ્રભાઈ ઈશ્વરભાઈ તથા પટેલ રેણુંકાબેન રાજેન્દ્રભાઈ ઈશ્વરભાઈ, બને રહે. ૬૦૩/૬૦૪, એફ/આનંદનગર બિલ્ડીંગ, એમ.જી. રોડ, રાજ હાઉસ ટાવરની સામે, કાંદીવલી વેસ્ટ, મુંબઈ નાઓની છે. અને તેઓએ પટેલ રમેશભાઈ ઈશ્વરભાઈને આપેલ કુલ મુખત્યારનામાને આધારે હાજર થઈ દાવાની કાર્યવાહી કરેલ છે. અને વાદીના મનાઈ હુકમની અરજી બાબતે લેખિત દલીલો આપી જણાવીએ છીએ કે આ કામે વાદીને કોઈ મનાઈ હુકમ મળવાપાત્ર નથી. તેમજ વાદીએ સદર દાવામાં જરૂરી પક્ષકારો પણ જોડેલ ન હોઈ મીસ જોઈન્ડર તથા નોન જોઈન્ડર એક નેશેસરી પાર્ટીના તકરારને કારણે પણ મનાઈ હુકમની અરજી ટકવાપાત્ર નથી. વાદીએ તેઓની દાવા અરજીમાં ખુંટ વર્ણન ખોટા દર્શાવેલ છે. અને સાચા ખુંટ વર્ણન વાળી કોઈ હકીકત આપ નામ. કોર્ટમાં આજદિન સુધી પ્રસ્તુત કરી શકેલ નથી. તેથી પણ નામ. કોર્ટમાં જ્યારે વાદગ્રસ્ત જગ્યાની કોઈ સ્પષ્ટ હકીકત પ્રસ્તુત ન થતી હોય ત્યારે પણ તેઓને મનાઈ હુકમ મળી શકે તેમ નથી. સદર કામે પ્રતિવાદીઓ તર્ફે આપ નામ. કોર્ટમાં આંક 17 થી જવાબ રજુ કરેલ છે. જે જવાબ જોતાં પણ આ કામના પ્રતિવાદીઓને મોજે. ભાન્ડુ, તા.વિસનગર, જિ. મહેસાણાની સીમના રે.સ.નં. ૧૮૯૦/૧ બ વાળી ૦–૪૦–૪૩ હે.આરે.ચો.મી. તથા આકાર રૂ.૩.૫૦ વાળી જમીન તેના મુળ માલીક ચૌધરી માધાભાઈ નારાયણભાઈ વિ.૮ પાસેથી તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ રજી.દ.નં. ૩૪૭/૨૦૧૫ થી ખરીદેલ અને ત્યારથી તે જમીનના માલીક મુખત્યાર બનેલ છીએ. જે સર્વે નંબરની રેકર્ડ નોંધ નં. ૧૦૯૪૬ થી દાખલ થયેલ છીએ. ત્યારથી તે મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો આ કામના પ્રતિવાદીઓનો છે. સદરહુ મિલક્ત ખરીદતા પહેલાં આ કામના પ્રતિવાદીઓએ તા. ૧૦/૦૧/૨૦૧૫ ના રોજ સદરહુ મિલક્ત ખરીદવા બાબતે જાહેર નોટીસ સંદેશ દૈનિક સમાચાર પત્રમાં આપેલ અને તેમાં કોઈપણ વ્યક્તિના હક્ક કે અધિકાર હોય તો તેની જાણ કરવી તે બાબતે કોઈ હક્ક બાબતેના વાંધા મળેલ ન હોઈ સદરહું મિલકતનો વેચાણ દસ્તાવેજ

કરેલ છે. તે વેચાણ દસ્તાવેજમાં પણ વેચાણ આપનારાઓએ આ મિલકતમાંથી કોઈનો પણ હક્ક દાવો નથી તેવુ જણાવી દસ્તાવેજ કરેલ છે. અને દસ્તાવેજ કર્યા બાદ હાલના વાદીઓ કે અન્ય કોઈપણ ખેડુતનો રસ્તાનો હક્ક અધિકાર ન હોઈ આ કામના પ્રતિવાદીઓના ખેતરમાં આવેલ નથી. અને તે બાબતે કોઈપણ ખેડુતે દાવા દુવી કરેલ હોઈ તેવુ પણ બનેલ નથી. પરંતુ આ કામના પ્રતિવાદીઓ જ્યારે તેઓના વરંડાનું કામકાજ શરૂ કરેલ હતુ ત્યારથી વાદીઓ તેમના કોન્ટ્રાકટર તેમજ અન્ય મજુરોને ખોટી ખોટી ધમકીઓ આપ્યા કરતા હતા. આ કામના પ્રતિવાદીઓની જમીન રે.સ.નં. ૧૯૯૦/૧ બ જેનો નવીન રે.સ.નં. ૪૧૧૨ નો થયેલ છે. અને તે પ્રમોલગેશન થતાં સદરહું મિલક્તનું ક્ષેત્રફળ ૦-૪૦-૪૩ ને બદલે ૦-૩૭-૦૩ થયેલ છે. એટલે કે ત્રણ ગુંઠા જેટલું ઓછું થયેલ હોઈ તે બાબતની પણ કાર્યવાહી કરવાના છીએ. તથા હાલના વાદીઓ વિરૂધ્ધ આ કામના પ્રતિવાદીઓએ વિસનગર પોલીસ સ્ટેશનમાં વરંડાનું બાંધકામ કરતા હેરાન પરેશાન કરતા હતા તે બાબતે પોલીસ ફરીયાદ આપેલ છે. અને વરંડાનું બાંધકામ કરવા પોલીસ રક્ષણની માંગણી કરેલ છે. તથા સદરહું વરંડાનું બાંધકામ કરવા અટકાવે નહી તથા વરંડાનું થયેલ બાંધકામ તોડફોડ કરે નહી તે સારૂ પ્રતિવાદીઓ વાદી વિરૂધ્ધ સદર કામે પ્રતિ દાવો તેમજ મનાઈ હુકમની અલગથી અરજી આપેલ છે. નામ. કોર્ટે દ્ગારા સદરહું દાવા લગત પંચનામું થયેલ છે. તે પંચનામું આ કામે માર્ક ૭/૨ થી રજુ થયેલ છે. તથા ૭/૩ થી નકશો રજુ થયેલ છે. જે જોતાં પણ પણ આ કામના પ્રતિવાદીઓની જમીનના રે.સ.નં. ૧૮૯૦/૧ પૈકી બ વાળી જમીનમાં અમારા વરંડાનું કામકાજ ચાલુ છે અને પંચનામા પ્રમાણે ઉત્તરે ચૌધરી રાજેન્દ્રભાઈ લાવજીભાઈનું ખેતર આવેલ છે. દક્ષિણે ચૌધરી રણજીતભાઈ રામસંગભાઈનું ખેતર આવેલ છે. પુર્વે ચોકડીઓ મુકી મહેસાણા – ઉંઝા હાઈવે આવેલ છે. અને પશ્ચિમે ચૌધરી મુકેશભાઈ વેલજીભાઈનું ખેતર આવેલ છે. આમ આ કામના પ્રતિવાદીના ૧૮૯૦/૧ પૈકી બ વાળી જમીનની કોઈપણ દિશા વાદીઓની જમીનને લગોલગ નથી વળી રે.સ.નં. ૧૮૯૧ તથા આ કામના પ્રતિવાદીના રે.સ.નં. ૧૮૯૦/૧ પૈકી બ વાળી પુર્વ દિશામં ચોકડીઓ આવેલ છે. અને તે મુકી મહેસાણા – ઉંઝા હાઈવે આવેલ છે. એટલે તે જગ્યાએ રસ્તો હોવાનો શક્ય નથી. તથા આ કામના વાદીઓ અને અન્ય ખેડુતોનું ગામ લક્ષ્મીપુરા (ભાન્ડુ) જે વાદીઓના ખેતરથી પશ્ચિમ દિશામાં આવેલ હોઈ તેઓનો રસ્તો તેઓની જમીનનો રસ્તો હોઈ શકે વાદીએ તેની દાવા અરજી સાથે નવીન રે.સ.નં. નો નકશો માર્ક ૪/૩ થી રજુ કરેલ છે. તે જોતાં તેઓના નવીન રે.સ.નં. ૪૧૩૭ છે. અને આ કામના પ્રતિવાદીના નવો રે.સ.નં. ૪૧૧૨ નો હોઈ તે નકશો જોતાં પણ બંને રાર્વે નંબરો વચ્ચે ૪૧૧૩ આવેલ છે. એટલે તેઓનો રસ્તો છે જ નહી તેમ છતાં હાલના સંજોગોમાં ખેતીની જમીનોની કિંમતો વધી જતા જો હાઈપ તરફથી રસ્તો મળે તો તેઓની જમીનની કિંમત વધી જાય તે સારૂં વાદીઓએ હાલનો દાવો તથા મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે. જે મનાઈ હુકમની અરજી રદ થવાને પાત્ર છે. આ કામના વાદીઓનું ગામ વાદગ્રરત જગ્યાની પશ્ચિમ દિશા તરફનું છે અને સદર ગામના તમામ ખેડુતો તેમના ગામમાં જવા માટે સાચી દિશામાં જાય છે પરંતુ આ કામના વાદીએ અમો પ્રતિવાદી વિરૂધ્ધ આપ નામ. કોર્ટમાં ખોટા કારણો દર્શાવી મનાઈ હુકમની માંગણી કરેલ છે જે મનાઈ હુકમ મળવાપાત્ર નથી. વધુમાં આ કામના પ્રતિવાદીઓ તેમની જમીનના વરંડાનું કામકાજ પુર્ણ કરી દીધેલ છે અને વાદીઓ કે તેમના મળતીયા માણસો સદરહું વરંડાને નુકશાન

પહોંચાડી તોડી પ્રતિવાદીઓની માલીકી અને કબજા ભોગવટાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરે કે કરાવે નહી તે સારૂ પ્રતિ દાવો દાખલ કરેલ છે. તે દાવાના કામે રજુ કરેલ દસ્તાવેજોમાં નિશાની 18/10 થી રજુ કરેલ ફોટા પણ જોતાં આ કામના પ્રતિવાદીઓની જમીનમાં વરંડાનું બાંધકામ પુર્ણ થઈ ગયેલ છે. અને આ કામના વાદીઓએ તેમના દાવામાં દર્શાવેલ અને મનાઈ હુકમમાં દર્શાવેલ નુકશાન બાબતે તેઓના પાક લઈ લીધેલ છે. એટલે હાલના વાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ આ કામના પ્રતિવાદીઓની તરફેણમાં છે. અને આ કામના પ્રતિવાદીઓએ જે કંઈ પણ વરંડાનું બાંધકામ કરેલ છે તે બાંધકામ તેઓના કબજા ભોગવટાવાળી મિલકતમાં કરેલ હોઈ કોઈ ગેરકાયદેસર કૃત્ય થયેલ નથી એટલે તેથી પણ હાલના વાદીઓને મનાઈ હુકમ મળવાપાત્ર ન હોઈ તેઓની મનાઈ હુકમની અરજી ખર્ચ સહ રદ થવા વાદીની હાલની વાદીની વચગાળાના મનાઈહુકમ મેળવવાની અરજના કારણોમાં જે કારણો બતાવ્યા છે તેવા કારણો ખોટા અને અમોને કબુલ મંજુર નથી.

(૮) ઉપરોકત સંજોગો જોતા અને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા દાવાઅરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો અને પ્રતિવાદીના જવાબ તથા દસ્તાવેજ જોતાં નીચે મુજબના મુદ્દાઓ નકકી કરવામાં આવે છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે વચગાળા નો મનાઈ હુકમ ના આપવામાં આવેતો નાંણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે ચર્ચેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**કારણો**

**મુદ્દા નં. ૧ થી ૩**

**પ્રાઈમાફેસાઈ કેસ**

(૧૦) આ કામે વાદીએ દાવા અરજીમાં દાવાવાળી મિલ્કત દાવાવાળી દાવાવાળી મિલ્કત મોજે મોજે ભાન્ડુ ગામનીસીમના જુના સર્વે નંબર ૧૮૯૦ પૈકી ૨ વાળા ખેતરમાં જવા આવવાનો તેમજ હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રેઈલર વિગેરે ખેતીના સાધનો લઈ જવા લાવવાનો પરાપૂર્વનો રસ્તો ભાન્ડુ ગામની સીમના

પ્રતિવાદીઓની માલિકીના જુના સ.નં. ૧૮૯૦/૧બ વાળા ખેતરના પૂર્વ–દક્ષિણ ખુણે થઈ દક્ષિણ શેઢે આગળ પશ્ચિમ તરફ થઈને કાયદેસરનો રસ્તો આવેલો છે તે રસ્તા ઉપર પ્રતિવાદીઓ અગર તેમના માણસો એજન્ટો, નોકરો, પ્રતિવાદીઓ તેમના ખેતરના દક્ષિણ – પૂર્વ ખુણા ઉપર કોઈ વરંડાની દિવાલનું બાંધકામ કરે–કરાવે નહિ અને રસ્તો કાયમ માટે ખુલ્લો રાખે તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ અને અમો વાદીઓના લાભમાં કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીઓને આપો તથા તેમજ સદરહુ દાવાવાળા રસ્તે થઈને અમો વાદીઓને જતાં આવતાં તેમજ હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રેઈલર વિગેરે ખેતીનાં સાધનો વિગેરે લઈ જતાં લાવતાં પ્રતિવાદીઓ અગર તેમના માણસો, એજન્ટો, નોકરો કોઈ અડચણ, અંતરાય, રૂકાવટ કરે કરાવે નહિ કે દાવાવાળા રસ્તામાં કોઈ વરંડાની દિવાલનું બાંધકામ પ્રતિવાદીઓ કરે–કરાવે નહિ તેમજ કાયમી માટે અમો વાદીઓનો રસ્તો ખુલ્લો રાખે તેવો પ્રતિવાદીઓને કામચલાઉ મનાઈ હુકમ સદરહું દાવાવાળી મીલકત કોઈને વેચાણ કરે કરાવે નહી કે કોઈ લોન કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેવો અમો વાદીની તરફેણમાં અને પ્ર.વાદીઓ વિરૂધ્ધ તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવા આખરી નિકાલ સુધી પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

આ કામે પ્રતિવાદીએ વાદીની મનાઈ હુકમની અરજીને ના મંજુર કરવા આંક – ૩૩ થી આપેલ છે અને વાદીની કામચલાઉ મનાઈ અરજી ના મંજુર કરવા જણાવેલ છે.

આ કામનું રેકર્ડ જોતા વાદીએ મોજે ભાન્ડુ ગામની સીમના જુના સર્વે નંબર ૧૮૯૦ પૈકી ૨ વાળા તેમની માલીકીના ખેતરમાં જવા આવવાનો તેમજ હળ, બળદ, ગાડુ, ટ્રેકટર, ટ્રેઈલર વિગેરે ખેતીના સાધનો લઈ જવા લાવવાનો પરાપૂર્વનો રસ્તો ભાન્ડુ ગામની સીમના પ્રતિવાદીઓની માલિકીના જુના સ.નં. ૧૮૯૦/૧બ વાળા ખેતરના પૂર્વ–દક્ષિણ ખુણે થઈ દક્ષિણ શેઢે આગળ પશ્ચિમ તરફ થઈને કાયદેસરનો રસ્તો આવેલો હોવાનું જણાવે છે અને સદર હકીકતને સર્મથન કરવા માર્ક ૪/૧ થી ૪/૪ સુધી રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમાં જુના સર્વે નં. ૧૮૯૦ પૈકી ૨ ( નવો સર્વે નં. ૪૧૩૭ ) માં આ કામના વાદીઓના નામ માલીક અને કબજેદાર તરીકે દર્શાવેલ છે જયારે જુના સર્વે નં. ૧૮૯૦ /૧ બ ( નવો સર્વે નં. ૪૧૧૨ ) વાળી મીલકત આ કામના પ્રતિવાદીની માલીકીનું જણાવેલ છે અને માર્ક ૪/૫ થી ૪/૮ સુધી વાદગ્રસ્થ રસ્તાના ફોટાઓ રજુ કરેલ છે જેમાં તકરારી રસ્તા જણાઈ આવે છે. વધુમાં આ કામે કોર્ટ કશ્રિનરશ્રી દવારા પંચનામા કરવામાં આવેલ છે જેની રીપોર્ટમાં આ કામના પ્રતિવાદીઓ દવારા તેમના ખેતરની ચારેય બાજુ દીવાલ ની કામગીરી કરવાનું જણાઈ આવે છે અને માર્ક ૭/૩ થી રસ્તો બનાવેલ છે જેમાં પણ તકરારી રસ્તામાં પાયા પુરેલ જગ્યા જણાવેલ છે. આમ ઉપરોકત દસ્તાવેજી પુરાવાને જોતાં પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે કે વાદીના ખેતરમાં આવા જવા માટે સદર તકરારી રસ્તાનો ઉપયોગ કરતા હતાં.

વધુમાં આ કામના પ્રતિવાદીઓએ આંક – ૭ થી રજુ દાવા જવાબમાં

જુના સર્વે નં. ૧૮૯૦ પૈકી ૨ ( નવો સર્વે નં. ૪૧૩૭ ) માં આ કામના વાદીઓ ની માલીકી બાબતે કોઈ તકરાર લીધેલ નથી પરંતુ તેઓના રજીસ્ટ્રર વેચાણ દસ્તાવજ પર આધાર રાખી જણાવેલ છે કે તકરારી રસ્તા જેવી કોઈ હકીકત વેચાણ આપનારે લખાવેલ નથી અને એવા કોઈ રસ્તા છે જ નહી. વધુમાં પંચનામા રીપોર્ટ ઉપર આધાર રાખી જણાવેલ કે પંચનામા રીપોર્ટમાં પણ પ્રતિવાદીના માલીકીની જગ્યાની ખૂટ વર્ણનમાં તકરારી રસ્તાના કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

આમ ઉપરોકત થયેલ ચર્ચાને ધ્યાને લેતાં કોર્ટ કમિશ્રનરશ્રીની રીપોર્ટમાં તકરારી રસ્તા બતાવેલ નથી પરંતુ નકશામાં તકરારી જગ્યામાં પાયા પુરેલાનું જણાવેલ છે અને વાદી દવારા રજુ માર્ક ૪/૪ થી ૪/૫ વાળા ફોટાઓને જોતાં પ્રથમ દર્શનીય રીતે રસ્તા હોવાનું જણાઈ આવે છે.

આમ, ઉપરોકત થયેલ ચર્ચાને ધ્યાને લેતાં અને આ કામનુ રેકર્ડ જોતાં હાલના તબકકે વાદીનો કેસ પ્રાઈમાફેસાઈ જણાઈ આવતુ હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં કરવામાં આવે છે.

**<u>બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરરીપરેબલ લોશ</u>**

આ કામનુ રેકર્ડ જોતાં વાદી દવારા રજુ માર્ક ૪/૪ થી ૪/૫ વાળા ફોટાઓને જોતાપ્રથમ દર્શનીય રીતે રસ્તા હોવાનું જણાઈ આવે અને જે પ્રતિવાદી તેઓની માલીકીના જુના સર્વે નં ૧૮૯૦ /૧ બ વાળા ખેતરમાં પૂર્વ – દક્ષિણ ખૂણે થઈ દક્ષિણ શેઢે આગળ પ્રશ્ચિમ થઈને રસ્તો બંધ કરવામાં આવે તો વાદીઓને ખેતી કરવામાં અગવડ આવશે અને જે સદર દિવાલ અટકાવવામાં આવે તો તેના થી પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી.

ઉપરોકત થયેલ ચર્ચા મુજબ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં જણાઈ આવેલ છે અને વચગાળાનો મનાઈહુકમ ના આપવામાં આવેતો નાંણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે.જેથી મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૧) આ તમામ હકીકતો લક્ષમાં લેતાં અને આ કામનુ રેકર્ડ જોતાં વાદીનો કેસ પ્રાઈમાફેસાઈ જણાઈ આવતો હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં જણાઈ આવતુ હોય અને જો કામચલાઉ મનાઈ હુકમ વાદીની તરફેણમાં કરી આપવામાં નહી આવે તો તેમને નાંણાથી ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થાય તેમ હોવાથી મુદ્દા નં. ૧ થી ૩ હકારમાં આપી ન્યાયના હીતમાં ન્યાયના હીતમાં મુદ્દા નં. ૪ સંદર્ભે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) વાદીની આંક–પ ની વચગાળાના મનાઈહુકમની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આથી આકામના પ્રતિવાદીઓ જાતે કે તેમના વારસો માણસો,નોકરો એજન્ટો વગેરે મારફતે તેઓની માલિકીના જુના સ.નં. ૧૮૯૦/૧બ વાળા ખેતરના પૂર્વ–દક્ષિણ ખુણે થઈ દક્ષિણ શેઢે આગળ પશ્ચિમ તરફ થઈને રસ્તો આવેલ છે તેને વરંડાની દીવાલ થી કોઈ બાંધકામ કરે કરાવે નહી અને સદર રસ્તો ખુલ્લો રાખવા બાબતનો કામચલાઉ મનાઈ હુકમ દાવાના આખરી હુકમ સુધી કરવામાં આવે છે.

(૩) અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૨૭ મી માહે નવેમ્બર, સને ૨૦૨પના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૭–૧૧–૨૦૨પ
વિસનગર.

(ડો. ગંગા દત્ત શર્મા)
એડીશ્નલ સીની.સીવીલ જજ,
વિસનગર. જિ.મહેસાણા.
CODE-GJ01360